









જય અંબે પરિવારના રજત જયંતિ મહોત્સવના અંતિમ ચરણમાં રાસ-ગરબાનો ઉત્સવ ઉજવાયો હતો. ગરબામાં જોડાયેલા ખેલાડીયાઓને વિવિધ કેટેગરીના ઈનામો એનાયત કરાયા હતા. આ ઉપરાંત ૧૫૧ દિવાની નૃત્ય આરતી ખૂબ જ ભાવસભર વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. જય અંબે પરિવારના રજત જયંતિ મહોત્સવમાં વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે સહસ્ત્રચંડી મહાયાગ ઉપરાંત આધ્યાત્મિક પુસ્તકોનું પ્રદર્શન ગબ્બરનું નિદર્શન, ચંડીપાઠનું સમૂહ પઠન ઉપરાંત રક્તદાન અને રોગ નિદાન યજ્ઞ જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતા.

## છેડાલ વણકર સમાજનો આજે સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧

શ્રી છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહ જનરલસભા યોજી સોસાયટીનો શુભારંભ કરશે.

પાટનગરમાં વસતા છેડાલ પરગણા વણકર સમાજ નવા વર્ષે જ્ઞાતિજનોને મળી શુભેચ્છા પાઠવશે. તા. ૨ નવેમ્બરને રવિવારે બપોરે ૧૨-૦૦ વાગે સે-૧૭ સ્થિત ટાઉનહોલ સામેની લોનમાં સ્નેહમિલન યોજવામાં આવશે. ઉપરાંત સમાજની સામાન્ય સભા યોજાશે. ત્યારબાદ સમાજની લાગણી અને માગણીને માન આપી ''શ્રી કર્મવીર હવસી દે' ગામા કો.ઓ. ક્રેડીટ સોસાયટી''નો શુભારંભ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. કાર્યક્રમના શુભારંભમાં પ્રાર્થનાગીત રજુ કરી બાળા સાહેબને ફુલહાર પહેરાવી દિપ પ્રગટાવી શરુ કરવામાં આવશે. કાર્યક્રમ બાદ એક સાથે જ્ઞાતિજનો પ્રિતિ ભોજન જમશે.

# આર્મી સ્કૂલમાં ધોરણ-૮માં ભણતો વિદ્યાર્થી ગુમ

### પરિણામ નબળુ આવતા વાલીએ આપેલા ઠપકા બાદ સ્કૂલ ડ્રેસમાં જ ક્યાંક ચાલ્યો ગયો

ગાંધીનગર, તા. ૧

લેકાવાડા ખાતે બીએસએફ કેમ્પમાં રહેતો અને આર્મી સ્કૂલમાં જ ધોરણ-૮ માં અભ્યાસ કરતો ૧૪ વર્ષનો વિદ્યાર્થી વાલીના ઠપકા બાદ ક્યાંક ચાલ્યો ગયો છે. પરિણામ નબળુ આવતા મળેલા ઠપકા બાદ ગઈકાલે શુક્રવારે બપોરે ઘરે આવીને સાયકલ મુકી સ્કૂલ ડ્રેસમાં જ ગુમ થઈ ગયેલા વિદ્યાર્થી દિકરાની પરિવારજનોએ શોધખોળ શરૂ કરી છે. ચિલોડા પોલીસમથકે દિકરાના ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી પણ પિતાએ નોંધાવી છે. જો કે હજી સુધી તેનો પત્તો ન લગાત પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા છે.

ગાંધીનગર પાસેના લેકાવાડા ગામની સિમમાં સ્થિત બીએસએફ કેમ્પમાં રહેતા સુનિલકુમાર શ્રી રામસિંગ ચૌધરીનો ૧૪ વર્ષનો દિકરો પંકજકુમાર આર્મી સ્કૂલમાં ધોરણ-૮ માં અભ્યાસ કરે છે. તાજેતરમાં લેવાયેલી પરીક્ષામાં તેને સી-ગ્રેડ આવતા સ્કૂલ ટીચરે વાલીને બોલાવી નબળા પરિણામની જાણ કરી હતી. વાલીએ તેને ઠપકો આપતા ગઈકાલે સવારે પંકજ શાળામાંથી આવ્યો અને ઘરે સાયકલ મુકી દઈ સ્કૂલ ડ્રેસમાં જ સીધેસીધો બહાર ચાલ્યો ગયો હતો. ગઈ બપોરના લાપતા થઈ ગયેલા પંકજને રાતભર પરિવારજનોએ સોધ્યો પરંતુ તેના ક્યાંયથી સગડ ન મળતા ચિલોડા પોલીસમથકે ગુમ થયા અંગેની જાણવા જોગ આપી છે. પીએસઆઈ જે.બી. ચાવડાએ ગુમ વિદ્યાર્થીની શોધખોળ શરૂ કરી છે.

# નગરમાં જાહેરમાં ધુમ્રપાન નિષેધના કાયદાની ઐસી કી તૈસી

(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર એ ગુજરાતનું હરિયાળુ અને સ્વચ્છ શહેર ગણાય છે. પરંતુ આ નગરના જાહેર સ્થળોએ બેફામ ધુમ્રપાન થઈ રહ્યું હોવાથી અંહીં શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા મળતી નથી. જાહેરમાં ધુમ્રપાન નિષેધ હોવાનો કાયદો ઘણા સમયથી અમલમાં આવ્યો હોવા છતાં ધુમ્રપાન કરતા લોકો આ કાયદાની ઐસી કી તૈસી કરીને નિર્ભયપણે જાહેરમાં ધુમ્રપાન કરી રહ્યા છે અને તેના દ્વારા અનેક અન્ય લોકોના સ્વાસ્થ પણ જોખમમાં મુકી રહ્યા છે. આટલા છડેચોક થતા ધુમ્રપાન છતાં આશ્ચર્યની વાત તો એ છે કે નગરમાં હજુ સુધી એક પણ જાહેરમાં ધુમ્રપાનનો ગુનો નોંધાયો નથી કે કોઈને તે માટે દંડ કરવામાં આવ્યો હોય તેવું જાણવા મળ્યું નથી.

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮ માં ૨-ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસથી જાહેરમાં ધુમ્રપાન કરવાને ગુનો ગણાવી તેના પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને આ કાયદાનો ભંગ કરનારને રૂ. ૨૦,૦૦૦ સુધીનો દંડ અને સજાની પણ જોગવાઈ કરવામાં આવેલી છે. આ કાયદાને અમલમાં લાવ્યાના વર્ષો વિતવા છતાં હજુ એક પણ વ્યક્તિને આ કાયદા અનુસાર દંડ કે સજા થઈ હોય તેવુ જાણવામાં આવ્યું નથી. આશ્ચર્યની વાત તો એ છે કે આ કાયદો હોવા છતાં ધુમ્રપાનના બંધાણીઓ બસ સ્ટેશન હોય કે રેલવે સ્ટેશન, પાનનો ગલ્લો હોય કે દૂધની દુકાન, બગીચો હોય કે બેન્ક, હોસ્પિટલ હોય કે મેરેજ હોલ, રસ્તો હોય કે રેસ્ટોરન્ટ દરેક જગ્યાએ ધુમાડાના ગોટે ગોટા ઉડાવી રહ્યા છે. તેમની આ લિજ્જતના કારણે તેઓની સાથે સાથે નિર્દોષ બાળકો, સ્ત્રીઓ કે અન્ય વ્યક્તિઓ પણ આ વ્યસનની ગંભીર આડઅસરોના ભોગ બની રહ્યા છે. આમ છતાં તંત્ર દ્વારા જાહેરમાં ધુમ્રપાન નિષેધના કાયદાના અમલ માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરાતી નથી જેથી આ વ્યસનીઓને મોકળુ મેદાન મળી જાય છે.

**દરેક જાહેર સ્થળે વ્યસનીઓ બેરોકટોક ધુમ્રપાન કરી રહ્યા છે : જાહેરમાં ધુમ્રપાન માટે દંડ-સજાની જોગવાઈ છતાં હજુ એક પણ ગુનો નોંધાયો નથી : વ્યસનીઓ પોતાની સાથે અન્યોના સ્વાસ્થ્ય પણ જોખમમાં મુકે છે**

વિશ્વ આરોગ્ય સંસ્થા (હુ)ના એક અહેવાલ પ્રમાણે વિશ્વમાં પ્રતિ વર્ષ કેન્સરથી મૃત્યુ પામતા દર્દીઓમાં તમાકુના સેવનથી ઉદ્ભવતા ગળા, કંઠનળી, શ્વાસનળી, અન્ન નળી કે ફેફસાંના કેન્સરના રોગના દર્દીઓનું પ્રમાણ મોટુ છે. તમાકુમાંથી બનતી બીડી, સિગારેટ, ખાવાની તમાકુ પાન-મસાલા વગેરે તેમજ ગુટખાના સેવનથી વ્યસની વ્યક્તિ શરીરમાં હાનિકારક ઝેરી તત્વો પોતાના શરીરમાં ઠાલવતો રહે છે જેમાં ધુમ્રપાન દ્વારા તે તેની નજીકની અન્ય વ્યક્તિઓને પણ જાણે અજાણે ભોગ બનાવતો રહે છે. આ ઝેરી તત્વો લાંબાગાળે ગળાં, ફેફસાં, જડબાં, અન્નનળીના કેન્સર સહિત બ્લડપ્રેશર, હૃદયરોગ, ટીબી, પાર્કીસન્સ ડીસીઝ અને પેરાલીસીસ જેવા અનેક રોગોનું કારણ બને છે. તમાકુમાં રહેલુ નિકોટીન-શરીરને ખોખલુ બનાવી વ્યસનીની રોગ પ્રતિકારક ક્ષમતાને નષ્ટ કરી નાંખે છે. જેના કારણે ગંભીર બિમારી, લાંબી સારવાર અને દર્દનાક મૃત્યુ તરફ તેને ઢસડી જાય છે.

નગરની અનેક સંસ્થાઓ દ્વારા તમાકુ અને ધુમ્રપાન વ્યસનથી દૂર રહેવા અને તેનો ત્યાગ કરવા વિવિધ કાર્યક્રમો, જાગૃત શિબિરો, સંકલ્પ યજ્ઞો અને વ્યસન મુક્તિ કેમ્પો યોજવામાં આવે છે. સરકાર દ્વારા પણ બીડી -સિગારેટના પેકેટ પર કેન્સરની ભયાનકતા દર્શાવતા ચિત્રો છાપવાનું ફરજિયાત બનાવાયું છે. આમ છતાં જાહેરમાં બસસ્ટેશન, રેલવે સ્ટેશન, સરકારી-ખાનગી કચેરીઓ, બાગ-બગીચાઓ, હોટલો, થીયેટરો, શોપીંગ સેન્ટરો, ચાની કિટલીઓ વગેરે દરેક ઠેકાણે ધુમ્રપાનના બંધાણીઓ આ કાયદાની અને પોતાના જીવનની પણ મજાક ઉડાવતા નજરે ચઢે છે. આ કાયદાના અમલમાં રહેલી ઢિલાશને કારણે આ કાયદો માત્ર કાગળ પર જ રહી જવા પામ્યો છે.

બીડી, સિગારેટ અને હુક્કાનું વ્યસન શહેર હોય કે ગામ, અમીર હોય કે ગરીબ, અધિકારી હોય કે શ્રમજીવી હવે તો પુરૂષ હોય કે મહિલા દરેકમાં સહજ પણે જોવા મળે છે. દમ, અસ્થમા અને હાર્ટ એટેક ઉપરાંત કેન્સર જેવી દર્દનાક જીવલેણ બિમારીનો ભોગ બનાવના આ ધુમ્રપાન નિષેધના કાયદાનો કડકપણે અમલ કરવામાં આવે તેની તાતી જરૂરી છે. કેન્દ્રની મોદી સરકાર દ્વારા હાલમાં અનેક જરીપુરાણા બિનજરૂરી કાયદાઓનો નિકાલ કરાનું વિચારાઈ રહ્યું છે ત્યારે તેની સામાજીક જીવન પર ગંભીર અસરો પેદા કરતા ધુમ્રપાનને રોકવાના કાયદાનો હકારાત્મક અને સજ્જડ અમલ થાય તે એટલું જ આવશ્યક છે.

# દારૂ ઢીંચીને ઘરમાં ધમાલ કરતા શખ્સને પોલીસે પકડ્યો

### મહાત્મા મંદિર રોડ પરથી બે વિદ્યાર્થી પીધેલી હાલતમાં બાઈક પર જતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૭ ખાતે સ્થિત પરિમલ એપાર્ટમેન્ટમાં દારૂ ઢીંચીને પોતાના ઘરે ધમાલ શરૂ કરનાર શખ્સ અંગે પરિવારજનોએ ફરીયાદ કરતાં સે. ૭ પોલીસે તેને ઘરેથી ઉઠાવી ગુનો દાખલ કર્યો છે. તે ઉપરાંત રાત્રે બે વાગ્યે મહાત્મા મંદિર રોડ પર બાઈક પર પીધેલી હાલતમાં જતાં બે વિદ્યાર્થીઓને સે. ૭ પોલીસે પકડીને તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૭-બી ખાતે આવેલા પરીમલ એપાર્ટમેન્ટમાં રહેતા દિપકસિંહ શંકરસિંહ દારૂ પીને ઘરે ધમાલ શરૂ કરતાં પોલીસને જાણી કરી બોલાવી લેવામાં આવી હતી. સે. ૭ પોલીસની ટીમે તેને પકડીને ગુનો દાખલ કઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. તો બીજી તરફ રાત્રે બે વાગ્યે ઘ-૪ થી મહાત્મા મંદિર માર્ગ તરફ બાઈક નં. જીજે-૧૩-પી-૨૪૮૯ લઈને ડબલ સવારી નીકળેલા બે યુવાનોને દારૂના નશામાં પકડી પાડ્યા. સે. ૭ પોલીસે એલડીઆરપી હોસ્ટેલ સે. ૧૫માં રૂમ નં. ૪૩ ખાતે રહેતા મયુર જયરામભાઈ પટેલ અને અમદાવાદ દાણીલીમડા ખાતે પોલીસ લાઈનમાં રહેતા સુભાષ ખેતાભાઈ ચાવડા બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે નિયુક્તી પામેલ આઈએએસ શ્રી ડી.જે. પાંડિયનની રાજયોગીની કૈલાશદીદીની આગેવાનીમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વના ગ્રુપે શુભેચ્છા મુલાકાત લઈ પુષ્પગુચ્છથી સન્માન કરેલ અને ઈશ્વરીય સૌગાત આપી પ્રભુપ્રસાદથી તેમનું મુખ મીઠુ કરાવેલ. સાથોસાથ વિદ્યાલયના આંતરરાષ્ટ્રિય મુખ્યાલય આબુ ખાતે આયોજીત ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પધારવાનું નિમંત્રણ પણ આપવામાં આવેલ.

## સેક્ટર-૩-ડીમાં મંગળવારે આનંદનો ગરબો યોજાશે

સેક્ટર-૩-ડી રામજી મંદિરમાં તા. ૪થી નવેમ્બરના રોજ બપોરે અઢી વાગે મા મેલડી આનંદ ગરબા મંડળ સેક્ટર-૩સી દ્વારા યોજાશે.

## અવસાન નોંધ

સેક્ટર-૨૪ સ્થિત કપિલાબેન નરેન્દ્રકુમાર રાવલનું અવસાન તા. ૨૬ ઓકટોબરના રોજ થયું છે. સ્વર્ગસ્થનું બેસણું-દસમું ૪ નવેમ્બર મંગળવારે સવારે ૮ થી ૧૨, એ-૫, અંબિકા એપાર્ટમેન્ટ, સે-૨૪ ખાતે રાખેલ છે.

## ચિલોડા ખાતે આંગણામાં પાર્ક કરેલું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧

તાલુકાના ચિલોડા મોટા ગામમાં આવેલ એક સોસાયટીમાંથી રાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરો બાઈક ચોરી પલાયન થઈ જવાની ઘટના પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામમાં આવેલ જનકપુરી સોસાયટીમાં પંકજભાઈ પ્રહલાદભાઈ પટેલ પરિવાર સાથે રહે છે ત્યારે ગત મધ્ય રાત્રિએ પંકજભાઈનો પરિવાર આરામ કરી રહ્યો હતો ત્યારે તેમના આંગણામાં પાર્ક કરેલું હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૧૮-એજે ૨૬૯૬ની અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયા છે. સવારમાં ઉઠતાની સાથે આંગણામાં પાર્ક કરેલું બાઈક ન દેખાતા પંકજભાઈએ આજુ બાજુ તપાસ કરી હતી. પરંતુ બાઈકની ભાળ ન મળતા ચિલોડા મોટા પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે જે અંગેની વધુ તપાસ સ્ટેશનના એ.એસ.આઈ. દિલાવરખાન પઠાણ ચલાવી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૪૬**
**સૂર્યાસ્ત : ૬.૦૦**

## તાપમાન

**મહત્તમ : ૩૪.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૭ ટકા ● સાંજે ૫૦ ટકા**

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
**: સ્ક્રીન-૪ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫
રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
**: સ્ક્રીન-૬ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
**સ્ક્રીન-૩ :**
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
**સ્ક્રીન-૪ :**
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :**
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
**સ્ક્રીન-૩ :**
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. સામાજિકક્ષેત્રમાં સફળતાનો યોગ. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશો. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રજુજી આતાજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણીબેન ગલાજી ઠાકોર (ઉ.વ.૯૦) પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. અંબાજી કાનાજી વણઝારા (ઉ.વ.૩૫) સેક્ટર-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગર